## -: એલોટમેન્ટ :-

"એમોર"

૧. ડેવલોપર્સ/પ્રમોટર્સનું નામ :- શ્રી બાલાજી કોર્પોરેશન - એક ભાગીદારી પેઢી તરફે તથા વતી તેના વહીવટકર્તા ભાગીદાર :
શ્રી રીતેશ મધુસુદન કતારગામવાલા
જાતનાં: હિંદુ, ઉ.આ.વ.: ૩૭, ધંધો: વેપાર,
રહેવાસી: ભક્તિબાગ, ધોળીકુઇ, હીરાબાગ, વરાછા રોડ, સુરત.
પેઢીનું ઠેકાણું :
આધાર કાર્ડ નં.

૨. સાઇટનું નામ :- "એમોર"

૩. સરનામું :- "એમોર", ટી.પી. ૪૪, એફ.પી. નં. ૫૦

૪. લેનારનું/યુનિટ ધારકનું નામ :-

૫. યુનિટની વિગત :-

૬. વેચાણ કિંમત :-

૭. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ..............., તા. .......

૧. જી. સુરત તા. અડાજણ (સુરત સીટી)ના ગામ મોજે જહાંગીરાબાદના રે. સ. નં. ૧૭૯/૧, બ્લોક નં. ૧૨૮ થી નોંધાયેલી બીનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૧૮૨૧૧ ચો.મી. જમીન જેને ટી. પી. સ્કીમ નં. ૪૪ (જહાંગીરાબાદ) ફા. પ્લોટ નં. ૨૯ તથા ૫૦ ફાળવવામાં આવેલ છે તે ફા. પ્લોટ પૈકી ફા. પ્લોટ નં. ૫૦ જેનું કુલ

ક્ષેત્રફળ ૭૭૩૮ ચો.મી. વાળી જમીન પૈકી સબ પ્લોટ નં. **એ** જેનું ક્ષેત્રફળ **૫૫૦૬ ચો.મી.** છે તે રહેણાંક તથા વાણિજ્યના હેતુવાળી બીનખેતીની જમીન ઉપર આયોજીત **એમોર** નામથી ઓળખાતી યોજનામાં બાંધવામાં આવેલા ટાવરો પૈકી **'.....'** ટાવરના **.....** માળે આવેલ ફ્લેટ નં. **.....**, જેનું કારપેટ એરિયા મુજબનું ક્ષેત્રફળ **.....** ચો.મી. તથા બિલ્ટઅપ એરિયા મુજબનું ક્ષેત્રફળ **.....** ચો.મી. છે તે મિલકત તથા તેના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની મિલકત હમોએ તમો શ્રી બાલાજી કોર્પોરેશન પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ............. થી તા.................ના રોજ ખરીદ કરેલ છે અને હમો એલોટીએ નીચે મુજબની વિગતે આજરોજ વેચાણ રાખેલ મજકુર મિલકતનો કબજો સંભાળેલ છે અને તે અંગે આથી નીચે મુજબની બાંહેધરી આપી તથા ચકાસણી કરાવી સંપુર્ણપણે સંતુષ્ટ થયા બાદ આ એલોટમેન્ટ લેટર લખી આપીએ છીએ.

૨. હમો એલોટી જાહેર કરી કબુલ કરીએ છીએ કે, તમામ નળ કનેકશન, પાઇપ ફીટીંગ, ઇલેક્ટ્રીક ફીટીંગ, સ્લાઇડીંગ બારી, બારી તથા દરવાજાઓની ફ્રેમ, દરવાજા ફીટીંગ, લાપી, પ્રાયમર, ફ્લોરીંગ, દિવાલોની ઉપર લગાડવામાં આવેલ મટીરીયલ્સ, કિચન પ્લેટફોર્મ, ગ્રીલ વગેરે તમામ કામ તથા તેની ક્વોલીટી યુનિટ ધારકે જાતે તથા જાણકાર ઇસમો મારફતે સ્થળ ઉપર પ્રત્યક્ષ તપાસી લીધેલ છે. જેનાથી હમો એલોટી ખુબ જ સંતુષ્ટ છીએ અને તે બાબતે હમોએ હવે પછી હમોએ કોઇ ફરીયાદ કે વાંધો ઉઠાવવાનો નથી.

3. તમામ કોમન સુવિધા જેવી કે કોમન એરિયા, ઇન્ટરનલ રોડ-રસ્તા, કોમન લાઇટ ફીટીંગ વિગેરે તમામ ચીજો, સબમર્શીબલ પંપ, પાણીના ટાંકા, યોજનામાં પ્રવેશવાના મુખ્યદ્વારો, મુખ્ય ગેટો, વોચમેન કેબીન તથા તેમાં જડીત ચીજવસ્તુઓ વગેરે તમામ ચીજો હમો એલોટીએ જોઇ તપાસી લીધેલ છે તેમજ તેની ક્વોલીટી, ગુણવત્તા પણ હમોએ જાતે પોતે તથા જાણકાર ઇસમો મારફતે તપાસ કરાવડાવી લીધેલ છે અને તેનાથી હમો સંતુષ્ટ છીએ અને તે બાબતે હમોએ હવે પછી હમો એલોટીએ કોઇ ફરીયાદ કે વાંધો ઉઠાવવાનો નથી.

૪. યુનિટ ધારકે પોતાનો સામાન ફેરવણી, ફર્નીચર વગેરે કોઇપણ કામ કરવાથી કોમન સુવિધામાં નુકશાની થશે તો તે નુકશાન કર્તા જવાબદાર રહેશે અને જે તે યુનિટ ધારકે તે નુકશાન અંગે કંમ્પલીટ રીપેરીંગ તાત્કાલિક પોતાના ખર્ચે કરી આપવાનું રહેશે.

૫. સદરહુ ઉપરોકત યુનિટ ''એમોર'' ના પ્રમોટર શ્રી બાલાજી કોર્પોરેશન પાસેથી અમોએ વેચાણ લીધેલ છે. સદરહુ યુનિટનો કબજો સંભાળેલ ત્યારે તે યુનિટ સંપૂર્ણ પણે ચેક કરેલ છે. જેમ કે તે યુનિટનું બાંધકામ, તેમાં થયેલ પ્લાસ્ટર, ફલોરીંગ તેમજ લાઇટ કનેકશન અંગેનું વાયરીંગ તથા ઇલેકટ્રીક મીટર, તેમજ યુનિટની દિવાલો તથા યુનિટમાં આવેલ દરવાજો, તેના લોક, સ્ટોપર, શટર તેમજ યુનિટમાં આવેલ લાઇટ ફીટીંગ તેની સ્વીચો વિગેરે યુનિટમાં આવેલ તમામ ફીટીંગ ફીકચર્સ વિગેરે હમો એલોટીએ જોઇ, તપાસી લીધેલ છે. તેમજ જે તે જાણકાર ઇસમ પાસેથી પણ સ્થળ ઉપર પ્રત્યક્ષ ચકાસણી કરાવડાવી લીધેલ છે. જેનાથી હમો સંતુષ્ટ છે. તેમજ ''એમોર''માં આવેલ કોમન ફલોરીંગ, ગટર કનેકશન, નળ ફીટીંગ, પાણીના નિકાલની લાઇન, નળ કનેકશન, દાદરો તેમજ મુખ્યદ્વાર તથા અન્ય દ્વારો, અગાસી, પાણીના તમામ ટાંકાઓ, વરંડો, દિવાલો, પાણીના નિકાલની લાઇનો તેમજ ''એમોર''ની આખી યોજનામાં આવેલ કોમન એરીયા, કોમન ઇલેકટ્રીફીકેશન, કોમન, લાયટીંગ, યુનિટમાં આવેલ બાથરૂમ, યુરીનલ ટબ, ટોયલેટના ટબ, નળ, મીરર, દરવાજા વિગેરે તમામ જોઇ તપાસી લીધા છે અને તેનાથી હમો એલોટી સંતુષ્ટ છીએ. તેમજ ''એમોર'' હેઠળ આવેલ કોમન ઇલેકટ્રીક લાઇન, (જી.ઇ.બી.) તથા અન્ય તમામ કનેકશનો અંગે પણ હમોને કોઇપણ પ્રકારનો વાંધો નથી અને તે તમામ કનેકશનો હમોએ જોઇ તપાસી લીધેલ છે અને તેનાથી હમો સંતુષ્ટ છીએ.

આમ હમો વેચાણ રાખેલી યુનિટ તથા યોજનામાં આવેલ કોમન રાસુકી વપરાશની સગવડતાઓ અને સુવિધાઓ વિસ્તૃતમાં જોઇ તપાસી સમજી વિચારી પોતે જાતે તથા જાણકાર ઇસમો પાસેથી પણ જોવડાવી તપાસ કરાવડાવી અને ત્યારબાદ આજરોજ કબજો મેળવીએ છીએ અને મજકુર તમામ બાબતોથી હમો ખુબ સંતુષ્ટ અને રાજીખુશી છીએ અને હવે પછી તે બાબતે ભવિષ્યમાં કયારેય પણ કોઇ તકરાર કે વાંધો ઉઠાવવાનો નથી.

હવે પછી તમો એલોટીએ ''એમોર'' હેઠળ આવેલ અન્ય યુનિટ હોલ્ડરો સાથે મળીને ક્યારેય કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર ઉઠાવવાનો નથી કે, ભવિષ્યમાં કોઇ કોર્ટ પ્રકરણો કરવાના નથી. તેમજ તમોએ વેચાણ રાખેલ યુનિટમાં આવેલ ઇલેક્ટ્રીક્સીટી (જી.ઇ.બી.) તથા અન્ય કનેકશનો તમારે તમારા નામ ઉપર એલોટ થયા તથા દસ્તાવેજ થયેથી દિન-૩૦માં કરાવી લેવું તેમ છતા હમારા એલોટીના નામે ન થાય તો પજેશન/એલોટમેન્ટ મળ્યા તારીખથી તમામ જવાબદારી હમો એલોટી ઉપર છે. તમામ કચેરીઓમાં હમો એલોટીએ હમારા ખર્ચે હમારુ નામ દાખલ કરાવી દેવાનું રહેશે.

આમ, '''એમોર'' યોજનાનું બાંધકામ સંપૂર્ણ રીતે થયેલ છે તેમજ એલોટીના યુનિટનું પણ સંપૂર્ણ બાંધકામ થયેલ છે તેમજ તમામ ઉપર જણાવેલ સુવિધા સજ્જ છે. તેથી ''એમોર'' યોજનાના આયોજક શ્રી બાલાજી કોર્પોરેશન સામે યુનિટ હોલ્ડરોએ ક્યારેય પણ કોઇપણ પ્રકારનો વાંધો લેવાનો હક્ક કે અધિકાર નથી તેવું આથી તમો યુનિટ ખરીદનાર આ એલોટમેન્ટ લેટર ઉપરથી લખી આપી બાંહેધરી આપી મજકુર યુનિટનો કબજો આજરોજ ''રેરા'' કાયદા મુજબ સંભાળી લઇએ છીએ.